**આંક–૭**

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. ૭૮૦૨/૨૦૧૮**
**જુનો ક્રિમીનલ કેસ નં. ૧૬૩૯૬/૨૦૧૭**

**ફરિયાદી :–** **કારખાના નિરીક્ષકશ્રી, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :–** **શ્રી રાજેન્દ્રપ્રસાદ રામકુમાર અગ્રવાલ,**
વિનસ ડેનીમ,
પ્લોટ નં.૧૮૧/૧/૧, શાહવાડી,
નારોલ, જી.અમદાવાદ.

**ગુન્હો :–** **કારખાના અધિનિયમની કલમ–૯૨ મુજબ.**

**ફરિયાદી તરફે :** –

**આરોપી તરફે :** વિ.વકીલશ્રી આર.આર.શાહ.

**–: ચુ કા દો :–**

**(૧)** હાલનો ફોજદારી કેસ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ કારખાના નિરીક્ષક ધ્વારા જે તે વખતે સબંધિત મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, ફરિયાદી ફેકટરી એકટની ક.૮(૧) મુજબ નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કારખાનામાં વિશાલ મુન્નાસીંઘ આઈ.ડી.આર. મશીન ઉપર હેલ્પર તરીકે કામ કરતા હતા ત્યારે તા.૪–૧૦–૧૬ ના રોજ સાંજે ૪ કલાકે મશીનના લેપરમાંથી થેડ કાઢવાની કામગીરી કરતા હતા ત્યારે અચાનક તેમનો જમણો હાથ મશીનના ડ્રેગ રોલ્સની વચ્ચે આવી જતાં હાથમાં ગંભીર ઈજા થતા હોસ્પીટલમાં દાખલ કરેલા જયાં સારવાર આપેલ ત્યારબાદ ફરજ પર હાજર થયેલ નથી. ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ ના નિયમ ૧૦૩(૪) ની જોગવાઈ મુજબ જયારે કોઈપણ વ્યકિતને ગંભીર અકસ્માત નડે અને ફરજ પર કામ કરવા અશકિતમાન બને તેના ૪૮ કલાક પુરા થયા બાદના ૨૪ કલાકમાં લેખીત ફોર્મ નં.૨૧ કચેરીમાં મોકલી જાણ કરવી જોઈએ પરંતુ આ કિસ્સામાં અકસ્માતની જાણ અંગેનુ લેખીત ફોર્મ નં.૨૧ તા.૩૧–૧૨–૧૬ ના રોજ ભરેલ છે જેથી નિયત સમયમર્યાદામાં અકસ્માતની જાણ નહી કરીને કારખાનાના કબજેદારશ્રીએ **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ ના નિયમ ૧૦૩(૪)** ની જોગવાઈનો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની **કલમ–૯૨** હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરિયાદ કરેલ છે.

**(૨)** ત્યારબાદ હાલનો કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતા આરોપીને સમન્સ ઈશ્યુ કરેલ, જે સંદર્ભે આરોપી વતી તેઓને ઓથોરીટી આપનાર વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછવામાં આવેલ જેથી તેઓએ આરોપી વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. તેઓએ આરોપી વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ

પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ છતાં, તેઓએ આરોપી વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**(૩)** તેઓએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહીં તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**(૪)** આ તબકકે **નામદાર મદ્રાસ હાઈકોર્ટ સમક્ષમાં એન.રામૈયા વિરુધ્ધ સ્ટેટ**નો ચુકાદો જોવામાં આવે તો તેમાં આરોપી વતી ઓથોરીટી આધારે જે વ્યકિતને ઓથોરીટી આપેલ હોય તેઓ ગુનાની કબુલાત કરી શકે તેવું ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીની ઓથોરીટી આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ છે. આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ ના નિયમ ૧૦૩(૪)** નો ભંગ કરીને કારખાના ધારાની **કલમ-૯૨** મુજબનો ગુન્હો કરેલ છે. આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

## -: હુકમ :-

**(૧)** આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૫૨ મુજબ **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ ના નિયમ ૧૦૩(૪)** ના ભંગ બદલ કારખાના ધારાની **કલમ-૯૨** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક ભંગ બદલ **રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. દંડની ભરવાની સજા કરવામાં આવે છે.આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **નવીનભાઈ દશરથલાલ શાહ**નાઓને ઉપરોકત દંડની રકમ ભરવાની સજા કરવામાં આવે છે.

**(૨)** આરોપી વતી હાજર રહેનાર વ્યકિત **નવીનભાઈ દશરથલાલ શાહ**નાઓ દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**(૩)** આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૧/૦૨/૨૦૨૩ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ લોકઅદાલત દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૧/૦૨/૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

(ભરતકુમાર શાંતિલાલ ભટ્ટ)
CODE : GJ00472
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.

R.C.GOHEL,P.A.